**પોલીસ અધિક્ષકની કચેરી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

**સરખેજ-ગાંધીનગર હાઇવે, દિવ્ય ભાસ્કર પ્રેસની બાજુમાં, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૫ (ગુ.રા.)**

**કંટ્રોલ નં.૨૬૮૯૧૧૧૫, ૨૬૮૯૧૧૬૮, ફેકસ નં.૨૬૮૯૧૨૨૭.**

**ઇ-મેઇલ: sp-ahd@ gujarat.gov.in**

**વેબસાઇટ: www.spahmedabad.gujarat.gov.in**

---

**જીલ્લા પોલીસ ગેઝેટ નંબર-૨૮/૨૦૧૨**

**તા.૨૫/૦૭/૨૦૧૨ થી તા.૩૧/૦૭/૨૦૧૨ સુધી**

**પોલીસ અધિક્ષકશ્રીની કચેરી અમદાવાદ ગ્રામ્ય અમદાવાદ.**

---

ક્રમાંકઃ-મકમ/૨જમ/એસબી-૩/ડીપીજી-૨૮/        /૨૦૧૨
પોલીસ અધિક્ષકશ્રીની કચેરી,
અમદાવાદ ગ્રામ્ય, એસ.જી.હાઇવે, અમદાવાદ-૫૫.
તારીખઃ-      /૦૮/૨૦૧૨

---

**વિભાગ - ૧- નિમણુંક :- નીલ**

**વિભાગ - ૨- ઈન્ક્રીમેન્ટ :- નીલ**

**વિભાગ - ૩ –પ્રમોશન :- નીલ**

**વિભાગ - ૪ – પે.ફીકશેસન :– નીલ**

**વિભાગ - ૫ -બદલી :-**

**ક.હુ ક્રમાક ૧૦૪/મકમ/એસ.સી/બદલી/૨૭૨૫૧/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવેલ સ્થળે જાહેર હિતમા સરકાર સગવડે તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવે છે.

| અ.નં. | નામ, બ.નં. હોદ્દો | કયાંથી | કયાં |
|---|---|---|---|
| ૧ | અ.લો.ર મહેકુમાર કાન્તીભાઇ બ.નં.૧૧૭૧ | સરખેજ પો.સ્ટે | પોલીસ હેડ કવા મકરબા |

**ક.હુ ક્રમાક ૧૦૪/મકમ/એસ.સી/બદલી/વ.૨૪૫૦/૨૭૪૨૩/૨૦૧૨ તા.૨૬/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવેલ સ્થળે જાહેર હિતમા સરકાર સગવડે તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવે છે.

| અ.નં. | નામ, બ.નં. હોદ્દો | કયાંથી | કયાં |
|---|---|---|---|
| ૧ | અ.હે.કો મગનભાઇ જોઇતાભાઇ બ.નં.૮૨૨ | અસલાલી | રાણપુર |

**વિભાગ - ૬- નિવૃતી :- નીલ**

**વિભાગ - ૭- રાજીનામુ :- નીલ**

**વિભાગ - ૮- ડીસ્ચાર્જ :- નીલ**

**વિભાગ - ૯- રજા**

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/હ.રજા/વ.૨૩૨૧/૨૭૦૭૨/૨૦૧૨ તા.૨૩/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | હકક રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.એ.એસ.આઇ ભવાનસિંહ દલપતસિંહ બ.નં..૮૬૧ એલ.સી.બી. અ.રૂ | મજફૂર ને પવિત્ર શ્રાવણ માસમાં ઉપવાસ રાખવાના હોય તેમજ કુટુબ સાથે ધાર્મિક કામે જવાનુ હોય દિન-૩૦ ની હકક રજા તા.૧૫/૦૮/૨૦૧૨ ક.સ. બાદથી મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/૨જમ/એસ.સી.-૨/વ.૨૩૦૦/૨૬૭૯૨/૨૦૧૨    તા.૨૧/૦૭/૨૦૧૨**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

સરખેજ પો.સ્ટે.માં ફરજ બજાવતા અ.લો.ર. મહેશકુમાર કાન્તીલાલ બ.નં. ૧૧૭૧ નાઓની તા.૦૫/૦૭/૨૦૧૨ થી તા.૧૯/૦૭/૨૦૧૨ સુધી દિન-૧૫ ગે.હા સમયનો કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/પ્રા.ત/૨૩૪૩/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨**

પોલીસ હેડકવામાં ફરજ બજાવતા અ.પો.કો અમૃતસિંહ ભાણસિંહ બ.નં.૯૨૫ નાઓની તા.૨૫/૦૭/૨૦૧૦ થી તા.૧૪/૧૦/૨૦૧૦ સુધી દિન-૮૨ ગે.હા સમયનો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૩/સીક.ગે.હા.નિ/૨૭૧૭૭/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨**

બાવળા પો.સ્ટે.માં ફરજ બજાવતા આ.પો.કો કાન્તીભાઇ ડાહ્યાભાઇ બ.નં.૯૭ નાઓની તા.૧૩/૧૨/૨૦૧૧ થી તા.૨૪/૧૨/૨૦૧૧ સુધી દિન-૧૨ ગે.હા પડેલ જે અંગે કોઇ પણ જાતની મનસ્વીપણે ગેરહાજર પડેલ હોય કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/પ્રા.ત/વ.૨૩૪૨/૨૭૨૯૯/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨**

બરવાળા પો.સ્ટેમાં ફરજ બજાવતા અ.એ.એસ.આઇ બળદેવજી છનાજી બ.નં. ૭૭૫(હાલ સી.આઇ.ડી.ક્રાઇમ પ્રતિનિયુકિત ઉપર ) નાઓની તા.૧૬/૦૪/૨૦૧૦ થી તા.૦૯/૦૬/૨૦૧૦ સુધી દિન- ૫૫ ની ગે.હા નો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૩/ગે.હા./૨૬૧૫૫/૨૦૧૨ તા.૧૭/૦૭/૨૦૧૨**

સાણંદ પો.સ્ટે.માં ફરજ બજાવતા અ.હે.કો જેઠાભાઇ સોમાભાઇ બ.નં.૯૧૮ નાઓ તા.૩૦/૦૬/૨૦૧૨ થી તા.૦૧/૦૭/૨૦૧૨ સુધી દિન-૨ મનસ્વીપણે ગેરહાજર પડેલ હોય તેઓની દિન-૨ ની ગે.હા નો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંક:મકમ/એસ.સી.-૨/ગે.હા.નિ/વ.૨૩૫૧/૨૭૪૦૯/૨૦૧૨ તા.૨૫/૦૭/૨૦૧૨**

એલ.આઇ.બી શાખા અ.રૂ. માં ફરજ બજાવતા અ.હે.કો દિલીપભાઇ પરશોતમભાઇ બ.નં.૧૦૪૯ નાઓની તા.૦૭/૦૭/૨૦૧૨ થી તા.૨૩/૦૭/૨૦૧૨ સુધી દિન- ૧૭ ની ગે.હા સમય નો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે

**ના.પો.અધિ. ધોળકા વિભાગ ના જા.નં.૨૨૮૬/૨૦૧૨, તા.૨૫/૦૭/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની હકક રજા તેઓના નામ સામે જણાવેલ મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | નામ હોદો તથા બ.નં. | મંજુર કરેલ હકક રજા |
|---|---|---|
| ૧ | ડ્રા.પો.કો ધનશ્યામસિંહ છનુભા બ.નં.૨ ધોળકા પો.સ્ટે. | દિન – ૩૫ |
| ૨ | અ.એ.એસ.આઇ બળવંતરાય રણછોડભાઇ બ.નં.૮૯૯ ધંધુકા પો.સ્ટે. | દિન – ૧૫ |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૩/વ.૨૭૫૩૭/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીની નામ સામે જણાવ્યા મુજબ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં | નામ, હોદ્દો, બ.નં. પો.સ્ટે. | મંજુર કરેલ હકક રજાની વિગત |
|---|---|---|
| ૧ | હથિ.લો.ર. નરેન્દ્રસિંહ મનુભાઇ બ.નં. ૦૨૬ પોલીસ હેડકવાટર્સ (હાલ કોમ્પ્યુટર શાખા અ.રૂ) | મજકુર ને સહાયક પો.સ.ઇ. ની મુખ્ય તથા મૌખિક પરીક્ષાઓની તૈયારી કરવાની હોય છુટા થયા તારીખ થી દિન □ ૪૦ ની બિન પગારી રજા મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંક:મકમ/રજમ/એસ.સી.-૩/ગે.હા.નિકાલ/૨૭૪૩૨/૨૦૧૨ તા.૧૭/૦૭/૨૦૧૨**

અત્રેના જીલ્લાના નીચે જણાવેલ પોલીસ કર્મચારીઓની તેઓના નામ સામે જણાવ્યા મુજબ સીક/ગે.હા. સમયનો આથી નિકાલ કરવામાં આવે છે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

| અ.નં. | નામ/હોદો/બ.નં. | સીક/ગે.હા.નિકાલ ની વિગત |
|---|---|---|
| ૧ | આ.હે.કો વિજયકુમાર કાવાજી બ.નં.૨૨૧ મકરબા પોલીસ હેડ.કવા. | મજુકરની તા.૧૨/૦૭/૧૨ થી તા.૨૫/૦૭/૧૨ સુધી દિન-૧૪ ની માંદગી સમયનો નિકાલ ત.પ્ર. આધારે રૂપાતરીત રજા તરીકે મંજુર કરવામાં આવે છે. |
| ૨ | ડ્રા.હે.કો બચુજી તખુજી .બં.નં.૩૯૩ એમ.ટી.સેકસન.અ.રૂ. | મજુકરની તા.૨૧/૦૬/૧૨ થી તા.૨૫/૦૭/૧૨ સુધી દિન-૩૫ ની માંદગી સમયનો નિકાલ ત.પ્ર. આધારે રૂપાતરીત રજા તરીકે મંજુર કરવામાં આવે છે. |

**ક. હુ. – ક્રમાંકઃમકમ/એસ.સી.-૨/હ.રજા/વ.૨૭૪૨૭/૨૦૧૨ તા.૨૭/૦૭/૨૦૧૨**

અત્રેના જીલ્લાના એમ.ટી વિભાગ ફરજ બજાવતા ડ્રા.પો.કો ભાનુભાઇ ચોથાભાઇ બ.નં. ૩૮૯ નાઓ દાદીમાનુ અવસાન થયેલ હોઇ તા.૨૭/૦૭/૨૦૧૨ ના ક.સ. બાદથી છુટા થાય તે રીતે દિન-૧૫ ની હકક રજા મંજુર કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંકઃમકમ/એસ.સી.-૨/વ.૨૩૮૫/૨૭૫૪૭/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

ધોલેરા પો.સ્ટેમાં ફરજ બજાવતા અ.એ.એસ.આઇ ઉદયસિંહ માનસિંહ બ.નં.૭૭૪ નાઓની તા.૨૯/૦૪/૨૦૧૨ થી તા.૨૦/૦૫/૨૦૧૨ સુધી દિન- ૨૨ ની ગે.હા સમય નો નિકાલ કપાત પગારી રજા તરીકે મંજુર કરવામાં આવે છે

**ક. હુ. – ક્રમાંકઃમકમ/એસ.સી.-૨/રજમ/વ.૨૩૮૬/૨૭૫૬૯/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

ધોળકા પો.સ્ટેમાં ફરજ બજાવતા વુ.લો.ર રમીલાબેન વિરમભાઇ બ.નં.૫૮૫ નાઓને પો.સ.ઇ.ની લેખીત પરીક્ષા આપવાની હોય પરીક્ષાની તૈયારી માટે તા.૨૮/૦૭/૨૦૧૨ થી તા.૨૬/૦૮/૨૦૧૨ સુધી દિન- ૩૦ ની બિનપગારી રજા મંજુર કરવામાં આવે છે

**ક. હુ. – ક્રમાંકઃમકમ/એસ.સી.-૨/હ.રજા/સરન્ડર/૨૩૮૨/૨૭૫૭૦/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

સરખેજ પો.સ્ટે. માં ફરજ બજાવતા આ.પો.કો વિનોદભાઇ કચરાભાઇ બ.નં.૨૬૭ નાઓ તા.૩૦/૦૫/૨૦૧૨ ના રોજ ક.સ. ૭/૧૫ હાર્ટએટેક આવતા અવશાન થયેલ હોય તેઓની આમુખ (૧) અને (૨) વાળા ઠરાવમાં કરેલ જોગવાઈ અનુસાર લેણી નિકળતી દિન - ૩૦૦ ની હક રજાનું રોકડમાં રૂપાંતર મંજુર કરી તેઓની પત્નિ શ્રીમતિ ગીતાબેન વિનોદભાઇ મકવાણા નાઓને નાણા ચુકવવા આથી હુકમ કરવામાં આવે છે.

**ક. હુ. – ક્રમાંકઃમકમ/રજમ/એસ.સી.-૩/ગે.હા.નિકાલ/૨૭૫૩૮/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં પોલીસ હેડ કવામાં ફરજ બજાવતા આ.એસ.આઇ બળવંતસિંહ ભુરૂભાઇ બ.નં.૩૧૧ નાઓની તા.૧૬/૦૭/૨૦૧૨ થી તા.૨૨/૦૭/૨૦૧૨ સુધી દિન- ૦૭ ગે.હા પડેલ જે અંગે કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય મનસ્વીપણે ગેરહાજર પડેલ હોય કપાત પગારી રજા મંજુર કરવામાં આવે છે

**ક. હુ. – ક્રમાંકઃમકમ/એસ.સી.-૨/હ.રજા/વ.૨૩૭૦/૨૭૫૯૪/૨૦૧૨ તા.૨૬/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતા નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબ હકક રજા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | કર્મચારીનું નામ, હોદ્દો, બ.નં., પો.સ્ટે. | હકક રજાની વિગત. |
|---|---|---|
| ૧ | અ.હે.કો કાનજીભાઇ મોહનભાઇ બ.નં.૮૦૮ બોપલ પો.સ્ટે (હાલ એસ.આઇ.ટી અ.રૂ) | મજકૂર ને સારણગાંઠ નુ ઓપરેસન કરવાનુ હોય તા.૩૦/૦૭/૨૦૧૨ થી દિન-૨૦ ની હકક રજા મંજુર કરવામાં આવે છે. |

**<u>વિભાગ - ૧૦- સજા :-</u>**

**ક.હુ. – ક્રમાંકઃમકમ/ખાત/૧૮૪/વશી.૨૭૧૭૫/૨૦૧૨ તા.૨૪/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય, જીલ્લાના વિરમગામ ટાઉન પો.સ્ટે માં ફરજ બજાવતા અ.પો.કો યશંવતસિંહ નટવરસિંહ બ.નં.૭૮૮ નાઓએ તેમની ફરજોમાં નીચે મુજબની ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવવા બદલ ફરજ મોકુફી હેઠળ મુકવાનુ નકકી કરવામાં આવે છે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

તમો એલ.સી.બી શાખામાં આશરે છેલ્લા આઠેક વર્ષથી ફરજ બજાવતા હતા. તમારી વિરૂધ્ધ આક્ષેપો અને રજુઆતો થયેલ છે કે તમો બુટલેગરો સાથે ઘનિષ્ઠ સબંધો ધરાવો છો અને બુટલેગરોને પ્રોહીબીશન/જુગારના ધંધા કરવા પોતાના સ્તરે પરવાનગી આપો છો અને તમારા વિરૂધ્ધ એવા પણ આક્ષેપો થયેલ છે કે તમો ઘણા લાંબા સમય થી એલ.સી.બી શાખામાં ફરજ બજાવતા હોવાથી પ્રોહી બુટલેગરો સાથે સાંઠગાંઠ રાખી પ્રોહીબિશનમાં મેળાપીપણુ કરી પોતાના તરફ થી મંજુરી આપી તોડ પાણી કરી પોતે આર્થિક લાભ મેળવો છો. છેલ્લા ત્રણેક માસથી તમારી એલ.સી.બી શાખાની કામગીરીનુ મુલ્યાંકન કરતા તમો આટલા લાંબા સમયથી એલ.સી.બી શાખામાં ફરજ બજાવતા હોવા છતા તમારા તરફથી કોઇ ઉમદા કામગીરી કરેલાનુ ધ્યાન પર આવેલ નથી અને તમારી કામગીરી જોતા ખુબજ નબળી અને નિષ્ક્રીય જણાઇ આવેલ છે.તમારી ઉપર મુજબની પ્રવૃતિ ધ્યાને આવતા તમારી તાત્કાલીક અસરથી જાહેર હિતમાં એલ.સી.બી શાખામાંથી વિરમગામ ટાઉન પો.સ્ટે બદલી કરવામાં આવેલ છે અને અત્રેની કચેરી દ્વારા આ તમામ બાબતની ઇન્કવાયરી સોપવામાં આવેલ છે

તમારી વિરમગામ ટાઉન પો.સ્ટે બદલી કરવા છતાં તમોએ ઉપર મુજબની ગેરકાયદેસર પ્રવૃતિ ચાલુ રાખેલ હોવાનુ ધ્યાન પર આવેલ છે તમોને જો ફરજ પર ચાલુ રાખવામાં આવે તો તમો તમારા વિરૂધ્ધ ચાલતી ઇન્કવાયરીમાં વિક્ષેપ પહોચાડો તેવી પુરેપુરી શકયતા રહેલી છે તમારી ફરજમાંની નિષ્ક્રીયતા અને ગંભિર પ્રકારની બેદરકારી અંગે તમારી સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવી જરૂરી બને છે.

તમોએ ઉપર મુજબ તમારી ફરજમાં દાખવેલ બેદરકારી અને નિષ્કાળજી એવી છે કે જે ખાતાકીય તપાસ ના અંતે પુરવાર થાય તો ફરજીયાત નિવૃતી, નોકરીમાંથી રુખસદ કે બરતરફી જેવી ગંભીર શિક્ષામાં પરિણમે તેમ છે. તેમજ જો તમોને ફરજ ઉપર ચાલુ રાખવામાં આવે તો તમો તમારી સત્તાનો દુરઉપયોગ કરી તમારી વિરૂધ્ધ ચાલતી ઇન્કવાયરીમાં સાક્ષી / પુરાવાનો નાશ કરો તેમ છો.

આ બાબતમાં તમોને તમારી ફરજમાંની ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી સબબ તમારી સામે ખાતારાહે પગલાં ભરવામાં ન આવે ત્યાં સુધી તમોને મુંબઈ પોલીસ (શિક્ષા અને અપીલ) નીયમો ૧૯૫૬ના નીયમ-૩ (૧-અ) (૧) થી મળેલ સત્તાની રુએ આ હુકમ મળ્યા તારીખથી તાત્કાલીક અસરથી"**ફરજ મોકુફી**" હેઠળ મુકવામાં આવે છે.

ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તેઓ અર્ધ પગારી રજા ઉપર ગયા હોત તો જે રજા પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ નિર્વાહ ભથ્થા તરીકે તેઓને ચુકવવામાં આવશે. ત્યાર પછીના સમયગાળા માટે નિયમોનુસાર નિર્વાહ ભથ્થામાં વધારો ઘટાડો કરવામાં આવશે.

ઉપર્યુકત નિર્વાહ ભથ્થા ઉપર ગુજરાત સેવા સસ્પેન્શન, ડીસમીસલ એન્ડ રીમુવલ રુલ્સ, ૨૦૦૨ ના નિયમ-૬૮ આધારે મોંઘવારી ભથ્થા તથા અન્ય મળવાપાત્ર ભથ્થા ફરજ મોકુફીના સમય ગાળા દરમ્યાન મળવાપાત્ર રહેશે.

ફરજ મોકુફીના સમય દરમ્યાન તેઓનું **મુખ્ય મથક પોલીસ હેડ કવાર્ટર, મકરબા અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ** ખાતે નકકી કરવામાં આવે છે. અને તેઓને હેડ કવાર્ટર છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે નિયમોનુસાર સક્ષમ અધિકારીને રીપોર્ટ આપી મંજુરી મેળવ્યા બાદ હેડકવાર્ટર છોડવું. અને જે સ્થળે જવાના હોય તે સ્થળનું પુરેપુરુ સરનામું હેડ કવાર્ટર છોડતા પહેલા લેખીતમાં આપવાનું રહેશે. અન્યથા તેઓ તેટલા સમય માટે નિર્વાહ ભથ્થાનો હકક ગુમાવશે.

ગુજરાત રાજય સેવા વર્તણુંક નિયમો,૧૯૭૧ના નિયમઃ૧૫(૧)ની જોગવાઈઓ મુજબ ફરજ મોકુફી દરમ્યાન તેઓ કોઈ ખાનગી નોકરી કે ધંધો કરી શકશે નહી. આ સુચનાનો ભંગ કરશે તો તેટલા સમયનું નિર્વાહ ભથ્થું મેળવવાનો હકક ગુમાવશે અને ગેરવર્તન બદલ તેઓ વિરુધ્ધ ખાતારાહે પગલાં ભરવામાં આવશે.

**ક.હુ. – ક્રમાંકઃમકમ/ખાત/૧૮૪/વશી.૨૭૨૧૪/૨૦૧૨ તા.૨૫/૦૭/૨૦૧૨**

અમદાવાદ ગ્રામ્ય, જીલ્લાના દેત્રોજ પો.સ્ટે માં ફરજ બજાવતા અ.એ.એસ.આઇ કાન્તીભાઇ રામજીભાઇ બ.નં.૬૭૧ નાઓએ તેમની ફરજોમાં નીચે મુજબની ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવવા બદલ ફરજ મોકુફી હેઠળ મુકવાનુ નકકી કરવામાં આવે છે.

દેત્રોજ પો.સ્ટે. માં પ્રોહી.ગુ.ર.નં.૧૫૪/૨૦૧૨ પ્રોહી કલમ ૬૬(૧),બી, ૬૫, એ, ઇ, ૮૧, ૧૧૬(૧) બી મુજબનો ગણનાપાત્ર કેસ તા.૨૨/૭/૧૨ ના રોજ શોધી કાઢવામાં આવેલ છે. જેમાં વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની જુદા જુદા માર્કાની બોટલ નંગ-૫૮૬ કિ.રૂ.૧,૭૯,૪૦૦/- તથા વિદેશી દારૂની બોટલ ૧૮૦ એમ.એલ.ની નંગ- ૧૯૬ કિ.રૂ.૧૯૬૦૦/- બિયર ટીન નંગ-૪૮ કિ.રૂ.૪૮૦૦/- એક અલ્ટો ગાડી

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૧૦૦૦/- કુલ મળી કિ.રૂ.૫,૦૪,૮૦૦/- નો મુદામાલ હસ્તગત કરવામાં આવેલ છે.

આથી તમો .એ.એસ.આઇ કાન્તીભાઇ રામજીભાઇ બ.નં.૬૭૧ દેત્રોજ પો.સ્ટે. માં તા.૨૬/૦૬/૨૦૧૦ થી ફરજ બજાવો છો અને હાલ બીટ નંબર-૨ માં ફરજ બજાવો છો તમારી બીટમાં મોટા પાયા ઉપર પ્રોહીબિશનના અડ્ડા ધમધમતા હોવા છતા આ અંગે તમોએ કોઇ પણ જાતની કાર્યવાહી કરેલ ન હોય તમારૂ મેળાપીપણુ જણાઇ આવે છે. અને વિજીલન્સ સ્કોર્ડ ગુ.રા ગાંધીનગર દ્વાર સદર પ્રોહી. બાબતે ખાનગી રાહે બાતમી મેળવી દેત્રોજ પો.સ્ટે ના રતનપુર ગામની સીમમાં ખેતરના પરામાં રહેતા ભીખુભા જાલસીંગ સોલંકી તથા તેમના દિકરાઓ નામે નંદુભા ઉર્ફે ટીનો તથા રણજીત તે ત્રણેય જણાએ ભેગા મળી પોતાના કબજા ભોગવટા વાળા મકાનોમાં ગેરકાયદેસર રીતે બહારથી ઇગ્લીસ દારૂ તથા બિયરનો જથ્થો મંગાવી સંગ્રહ કરી છુટક માં વેચાણ કરે છે. આવી અસામાજીક પ્રવૃતિ ન ચાલે તે માટે કાયદેસરના તેમજ તકેદારીના પગલા લેવાની તમારી ફરજ હોવા છતાં દેત્રોજ પો.સ્ટે. ની હદના રતનપુર ગામની સીમમાં તમારી ફરજ દરમ્યાન પ્રોહીબિશનની અસામાજીક પ્રવૃતિ ચાલું હતી. તેમ છતાં બીટ જમાદાર તરીકે તમોએ કોઇ કાયદેસરની કાર્યવાહી કરી તકેદારીના પગલા લઇ, શકેલ નહી અને પ્રોહીબિશન(દારૂ) જેવી બદી નાબુદ થાય તેવી કોઇ અસરકારક કામગીરી કરેલ નહી. જેના કારણે આમ, જનતામાં પોલીસની છબી ખરડાયેલ છે. અને વિશ્વસનીયતા અંગે પ્રશ્નો ઉપસ્થિત થવા પામેલ છે.

પ્રોહીબિશન ધારાનો કડકપણે અમલ થાય તે માટે સ્થાનીક પોલીસને અવાર-નવાર સુચનાઓ આપવામાં આવેલી છે. અને દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર/પ્રોહીબીશન બંધી ધારાના કડક અમલની જવાબદારી સબંધીત બીટ જમાદારની બની રહે છે. તેમ છતાં દેત્રોજ પો.સ્ટે. ના રતનપુર ગામની સીમમાં ઉપર મુજબનો ગણનાપાત્ર કેસ વીજીલન્સ સ્કોર્ડ ગુ.રા ગાંધીનગર . દ્વારા શોધી કાઢેલ છે. તે જોતા તમોએ દેત્રોજ પો.સ્ટે. બીટ નંબર-૨ તમારા કાર્યક્ષેત્ર વિસ્તારમાં પ્રોહીબિશન ધારાનો કડકપણે અમલ કરી/કરાવી આવી પ્રવૃતિ અટકાવવામાં નિષ્ફળ રહેલ છો. જે તમારી ફરજમાંની નિષ્ક્રીયતા અને ગંભિર પ્રકારની બેદરકારી અંગે તમારી સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવી જરૂરી બને છે.

તમોએ ઉપર મુજબ તમારી ફરજમાં દાખવેલ બેદરકારી અને નિષ્કાળજી એવી છે કે જે ખાતાકીય તપાસ ના અંતે પુરવાર થાય તો ફરજીયાત નિવૃતી, નોકરીમાંથી રુખસદ કે બરતરફી જેવી ગંભીર શિક્ષામાં પરિણમે તેમ છે. તેમજ જો તમોને ફરજ ઉપર ચાલુ રાખવામાં આવે તો તમો તમારી સત્તાનો દુરઉપયોગ કરી સાક્ષી / પુરાવાનો નાશ કરો તેમ છો.

આ બાબતમાં તમોને તમારી ફરજમાંની ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી સબબ તમારી સામે ખાતારાહે પગલાં ભરવામાં ન આવે ત્યાં સુધી તમોને મુંબઈ પોલીસ (શિક્ષા અને અપીલ) નીયમો ૧૯૫૬ના નીયમ-૩ (૧-અ) (૧) થી મળેલ સત્તાની રુએ આ હુકમ મળ્યા તારીખથી તાત્કાલીક અસરથી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવે છે.

ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તેઓ અર્ધ પગારી રજા ઉપર ગયા હોત તો જે રજા પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ નિર્વાહ ભથ્થા તરીકે તેઓને ચુકવવામાં આવશે. ત્યાર પછીના સમયગાળા માટે નિયમોનુસાર નિર્વાહ ભથ્થામાં વધારો ઘટાડો કરવામાં આવશે.

ઉપર્યુકત નિર્વાહ ભથ્થા ઉપર ગુજરાત સેવા સસ્પેન્શન, ડીસમીસલ એન્ડ રીમુવલ રુલ્સ, ૨૦૦૨ ના નિયમ-૬૮ આધારે મોંઘવારી ભથ્થા તથા અન્ય મળવાપાત્ર ભથ્થા ફરજ મોકુફીના સમય ગાળા દરમ્યાન મળવાપાત્ર રહેશે.

ફરજ મોકુફીના સમય દરમ્યાન તેઓનું મુખ્ય મથક પોલીસ હેડ કવાર્ટર, મકરબા અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ ખાતે નકકી કરવામાં આવે છે. અને તેઓને હેડ કવાર્ટર છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે નિયમોનુસાર સક્ષમ અધિકારીને રીપોર્ટ આપી મંજુરી મેળવ્યા બાદ હેડકવાર્ટર છોડવું. અને જે સ્થળે જવાના હોય તે સ્થળનું પુરેપુરૂ સરનામું હેડ કવાર્ટર છોડતા પહેલા લેખીતમાં આપવાનું રહેશે. અન્યથા તેઓ તેટલા સમય માટે નિર્વાહ ભથ્થાનો હકક ગુમાવશે.

ગુજરાત રાજય સેવા વર્તણુંક નિયમો,૧૯૭૧ના નિયમઃ૧૫(૧)ની જોગવાઈઓ મુજબ ફરજ મોકુફી દરમ્યાન તેઓ કોઈ ખાનગી નોકરી કે ધંધો કરી શકશે નહી. આ સુચનાનો ભંગ કરશે તો તેટલા સમયનું નિર્વાહ ભથ્થું મેળવવાનો હકક ગુમાવશે અને ગેરવર્તન બદલ તેઓ વિરુધ્ધ ખાતારાહે પગલાં ભરવામાં આવશે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૧૭૬૧/૨૭૫૮૨/૨૦૧૨ તા.૨૬/૦૭/૨૦૧૨**

ના.પો.મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદ નાઓના ખાનગી હુ.ક્ર મુ.કા/૧૫૦/ખાત/૩૯૩/૨૦૧૨ તા.૨૫/૦૭/૨૦૧૨ આધારે આર.આર.સેલ અમદાવાદ વિભાગ ખાતે પ્રતિનિયુકિત ઉપર ફરજ બજાવતા અ.પો.કો યશવંતસિંહ નટવરસિંહ બ.નં.૭૮૮ નાઓનો અત્રેની કચેરીનો તા.૨૪/૦૭/૨૦૧૨ નો ફરજમોકુફીનો હુકમ રદ કરવામાં આવેલ છે.

**ક.હુ. – ક્રમાંક:મકમ/ખાત/૧૮૪/વશી.૨૭૬૦૮/૨૦૧૨ તા.૨૭/૦૭/૨૦૧૨**

**<u>સીધીકારણદર્શક નોટીસ</u>** :-

તમો અ.એ.એસ.આઇ. જયંતિભાઇ ઇશ્વરભાઇ બ.નં. ૮૨૦ સરખેજ પો.સ્ટે નાઓએ પોતાની ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી તથા નિષ્કાળજી દાખવેલ છે તે એવી રીતે કે,

**૨/-** તમો સરખેજ પો.સ્ટે.માં ટાઉન બીટમાં ફરજ બજાવો છો. સરખેજ પો.સ્ટે.માં તા.૧૩/૦૫/૨૦૧૨ ના રોજ સે.ગુ.ર.નં. ૧૦૨/૨૦૧૨ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ આ ગુન્હાની તપાસ તમો કરતા હતા આ ગુન્હાના કામે તમોએ આરોપીઓને તાત્કાલીક અટક કરવા રાત્રી દરમ્યાન આરોપીઓના નિવાશસ્થાને રૂબરૂ જઇ કોઇ તપાસ કરેલ નથી ફકત ઔપચારીક તપાસ કરેલ છે. તમોએ દિવસ દરમ્યાન આરોપીઓના ઘરે તપાસ કરેલ પરંતુ આરોપીઓ ઘરે નહી મળતા આ બાબતે આડોસ પાડોસમાં રહેતા માણસોના એક પણ નિવેદન લીધેલ નથી તેમજ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ નથી અને આ, કામે આરોપીઓને તા.૧૬/૦૫/૨૦૧૨ ના રોજ અટક કરવામાં આવેલ પરંતુ તેઓની શરીર સ્થિતિનુ પંચનામુ કરેલ નથી તેમજ તેઓના નિવેદન લીધેલ નથી તેમજ તેઓને કોર્ટમાં રજુ કરતા આરોપીઓ જામીન ઉપર છુટવા છતા તેઓ વિરૂધ્ધ અટકાયતી પગલા નહી લઇ આરોપીઓને ફાયદો થાય તેવી કાર્યવાહી કરેલ છે. તે રીતે ગુન્હાની તપાસમાં ઢીલાસ દાખવી સમયસર તપાસ નહી કરી ફરજમાં ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે.

**<u>વિશેષ સમીક્ષા</u> :-**

કસુરદાર **અ.એ.એસ.આઇ. જયંતિભાઇ ઇશ્વરભાઇ બ.નં. ૮૨૦ સરખેજ પો.સ્ટે** નાઓને વંચાણ-૧ થી સીધી કારણદર્શક નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ જેની બજવણી તેઓને તા.૨૫/૦૫/૨૦૧૨ ના રોજ થયેલ. તેઓએ વંચાણ - ૨ થી બચાવ નિવેદન રજુ કરેલ છે. બચાવ નિવેદનમાં તેઓ રૂબરુ સાભળવા વિનંતી કરતા તેઓને તા.૧૯/૦૬/૨૦૧૨ ના રોજ રૂબરૂમાં સાંભળવામાં આવેલ છે.તેઓનો બચાવ જવાબ અને રૂબરૂમાં કરેલ રજુઆત અંગે સહાનુભુતિ પુર્વક વિચારણા કરી રૂબરૂમાં કરેલ રજુઆત અસતઃ ગ્રાહ્ય રાખી સુચિત શિક્ષામાં ઘટાડો કરી નીચે મુજબ આખરી હુકમ કરૂ છુ.

**<u>આખરી હુકમ :-</u>**

હું ગગનદીપ ગંભીર આઇ.પી.એસ., પોલીસ અધિક્ષક, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ નાઓને આથી મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ રૂલ્સ ૧૯૫૬ નિયમ □ ૩ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ **અ.એ.એસ.આઇ. જયંતિભાઇ ઇશ્વરભાઇ બ.નં. ૮૨૦ સરખેજ પો.સ્ટે** નાઓને ફરમાવેલ એક ઇજાફો ત્રણ માસ માટે ભવિષ્યના ઇજાફાને અસર ન કરે તે રીતે અટકાવવાની સુચિત શિક્ષાની સીધી કારણ દર્શકનોટીસમાં ઘટાડો કરી **રૂ. ૧૦૦૦/- રોકડ** દંડની શિક્ષા કરવા આખરી હુકમ કરૂ છુ.

**<u>વિભાગ – ૧૧- તાલીમ</u> : -નીલ**

**<u>વિભાગ – ૧૨ – ઇનામ.</u> : -નીલ**

**વિભાગ – ૧૩ – પરચુરણઃ-**

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.બી-૨/પરીક્ષા મંજુરી/વ.૨૩૮૪/૨૭૫૪૬/૨૦૧૨ તા.૩૦/૦૭/૨૦૧૨**

ધોળકા પો.સ્ટેમાં ફરજ બજાવતા વુ.લો.ર રમીલાબેન વિરમભાઇ બ.નં.૫૮૫ નાઓને સરકારી કામકાજમાં બાધ ન આવે તે રીતે પો.સ.ઇ.ની પરીક્ષામાં બેસવા માટે મંજુરી આપવામાં આવે છે

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.બી-૨/નામ કમી/વ.૨૩૭૮/૨૭૫૯૦/૨૦૧૨ તા.૨૭/૦૭/૨૦૧૨**

દેત્રોજ પો.સ્ટે. માં ફરજ બજાવતા અ.એ.એસ.આઇ કરશનજી જવાનજી બ.નં. ૮૫૮ નાઓનુ તા.૧૩/૦૭/૨૦૧૨ ના રોજ કલાક સમય ૨૦/૦૦ વાગે બીમારી ના કારણે મરણ ગયેલ હોય જેથી મર્હૂમ અ.એ.એસ.આઇ નુ નામ અત્રેના જીલ્લાના પોલીસ દળમાંથી તા.૧૩/૦૭/૨૦૧૨ ના રોજ થી દુ:ખ સાથે કમી કરવામાં આવે છે.

**ક.હુ. – ક્રમાંક:મકમ/એસ.બી-૨/ઉચ્ચક સહાય/વ.૨૩૭૯/૨૭૫૯૯/૨૦૧૨ તા.૨૭/૦૭/૨૦૧૨**

દેત્રોજ પો.સ્ટે. માં ફરજ બજાવતા અ.એ.એસ.આઇ કરશનજી જવાનજી બ.નં. ૮૫૮ નાઓનુ તા.૧૩/૦૭/૨૦૧૨ ના રોજ કલાક સમય ૨૦/૦૦ વાગે અવશાન થયેલ હોય આમુખ □ ૧ માં જણાવેલ ઠરાવ આધારે તેઓના કાયદેસરના પત્નિ શ્રીમતી ભીખીબેન કરશનજી ઠાકોર નાઓને રૂ. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) ઉચ્ચક સહાય મંજુર કરી નાણાં ચુકવવા હુકમ કરવામાં આવે છે.

Created by Neevia Document Converter trial version http://www.neevia.com

**સહી/-**
**(કે.એસ.સવાણી)**
**ઇ.પોલીસ અધિક્ષક**
**અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

**પ્રતિ ,**
જીલ્લાના તમામ પો.સ્ટે. તરફ.
રી.પો.સ.ઈ.શ્રી, સૈજપુર હેડ કવા.
ના.પો.અધિ.શ્રી, ધોળકા, સરખેજ, વિરમગામ.
સર્કલ પોલીસ ઈન્સ.ધંધુકા સર્કલ ધંધુકા, ધોળકા, અસલાલી, વિરમગામ.
કચેરીની તમામ શાખાઓ તરફ

**સવિનય નકલ રવાનાઃ-**

**પ્રતિશ્રી,**
૧. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વે ગુ.રા.ગાંધીનગર .
૨. અધિક પોલીસ મહા.શ્રી.સી.આઈ.ડી.આઈ.બી. ગુ.રા. ગાંધીનગર.
૩. આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ.
૪. આચાર્યશ્રી પોલીસ તાલીમ શાળા વડોદરા.
૫. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
૬. નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ, અમદાવાદ.
૭. મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી સંદેશા વ્યવહાર ગુ.રા.ગાંધીનગર

**(એસ.એફ.પઠાણ)**
**કચેરી અધિક્ષક**
**પોલીસ અધિક્ષકની કચેરી**
**અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.**

Created by Neevia Document Converter trial version http://www.neevia.com